
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ નવેમ્બર, ૨૦૨૩ Vol. 17 No. 11

## ધર્મજનિત વિનાશ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# હમ નહીં બદલેંગે !

'શોલે' ફિલ્મમાં એક સંવાદમાં જેલર તરીકે અસરાની બોલે છે : 'હમારી બારબાર બદલી હોતી હો, પર હમ નહીં બદલે !' આ સંવાદને જરા ફેરફાર સાથે મૂકી શકાય. 'હમે બારબાર નયે સંશોધન જાનના મિલે, પર હમ નહીં બદલેંગે !' શરદ પૂર્ણિમાએ ચંદ્રગ્રહણ થયું તેના થોડા જ અઠવાડિયા પહેલાં આપણું ચંદ્રયાન–૩ ચંદ્ર પર ઉતરેલું. એની સફળતાનું આપણે વાજબી રીતે ગૌરવ અનુભવ્યું. ચંદ્રયાન–૩નું સફળ ઉતરાણ આપણને જણાવતું હતું કે ચંદ્ર એક આકાશી પદાર્થ છે. જડ છે. કેટલાંક જૂથ માને છે તેમ એ કોઈ દેવનું વિમાન નથી. એ ગ્રહ નથી. સચરાચરમાં અબજોના અબજો પદાર્થો ઘૂમે છે તેમાંનો એક સા'વ નાનો ચંદ્ર એક પદાર્થ છે. એ પૃથ્વી પર વસેલા કોઈપણ માણસ પર કશી અસર કરતો નથી. સમગ્ર માનવજાતે પણ એવી કોઈ અસરની ચિંતા કરવાની નથી. વિજ્ઞાન આપણને આપણી નજર સમક્ષ આ એક હકીકત દર્શાવી રહ્યું છે. આપણા વૈજ્ઞાનિકો – ટેકનોક્રાસ્ટ્સ આ કરી રહ્યા છે.

નજર સમક્ષ દેખાય તેનો ઈનકાર કરવાનું લગભગ બધા ધર્મો ઉપદેશે છે. આગળ વધીને જે દેખાતું નથી તે હોવાનો પણ તેઓ ઉપદેશ આપે છે ! મોટા ભાગની પ્રજા આ પાંજરામાં ફસાઈ ગઈ છે. આમ છતાં, આપણે એક પ્રજા તરીકે શરદ પૂર્ણિમાના ચંદ્રગ્રહણને એક સામાન્ય ખગોળીય ઘટના તરીકે સ્વીકારીશું એવી ન્યૂનતમ અપેક્ષા હતી. ચંદ્રયાન–૩ના ઉતરાણ પછી પ્રજા તરીકે ચંદ્રગ્રહણમાં કશું વિશિષ્ટ નહીં હોવાનું સ્વીકારશે એવી અપેક્ષા હતી. આ અપેક્ષા સંપૂર્ણ નિષ્ફળ ગઈ. ગમે તેટલાં સંશોધનો આપણી સમક્ષ હકીકતો મૂકે તો પણ આપણે પેલા અસરાનીની જેમ બદલાઈશું નહીં, તે નહીં જ. ચંદ્રગ્રહણ પ્રસંગે મંદિરો બંધ થઈ ગયા ! ગંગાજળના છાંટણા થયા ! જ્યોતિષીઓના સંખ્યાબંધ વરતારા આવ્યા. અપવાદ સ્વરૂપ ટી. વી. ચેનલો સિવાયની બધી ચેનલોએ આવા જ્યોતિષીઓના વરતારાને મોટા ઉપાડે જાહેર કર્યા. આપણો નહીં બદલવાનો, જડ રહેવાનો સંકલ્પ જોઈને તો વિચારમાં પડી જવાય છે કે આપણી ખોપરીમાં બુદ્ધિ ભરી છે કે ભૂસું ! રેશનાલિસ્ટો માટે દુઃખી થવા સિવાય કોઈ વિકલ્પ જ રહેતો નથી.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ નવેમ્બર, ૨૦૨૩ | સળંગ અંક : ૩૮૪ | Vol. 17 No. 11

( આ અંકથી **'સાર્થ'** જોડણીમાં અંકો પ્રસિદ્ધ થશે. )


## ધર્મજનિત વિનાશ

**–સૂર્યકાન્ત શાહ**

માણસે જ ધર્મને પેદા કર્યો છે. માણસે જ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ પેદા કરી છે. એક અવૈજ્ઞાનિકતાની પેદાશ છે, બીજી વૈજ્ઞાનિકતાની. હજી આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ તો પા પા પગલી માંડે છે ત્યાં બૂમરાણ મચી ગઈ છે કે એ માનવજાતનો વિનાશ કરી નાંખશે. બીજી બાજુ, ધર્મ રોજરોજ માનવરકતની નદી વહેવડાવે છે એ આપણે જોવા માંગતા પણ નથી.

ઈઝરાઈલ અને હમાસ વચ્ચેનો રક્તરંજિત સંઘર્ષ માત્ર ધર્મ અને ધર્મને કારણે જ છે. ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મો વચ્ચેનો સંઘર્ષ હજારો વર્ષ જૂનો છે. આ બે ધર્મોના આગેવાનોએ પોતાના જ ધર્મના લાખો–કરોડો અનુયાયીઓને પ્રતિપક્ષના હસ્તે મરાવી નાંખ્યા છે. જુઓને, હમાસવાળા વગર કારણે ઈઝરાઈલમાં ઘુસી ગયા. પ્રતિપક્ષ–ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓને હજાર કરતાં વધારે સંખ્યામાં મોતને ઘાટ ઉતારી દીધા ! આ લોહીની નદી વહી કારણ કે તેના મૂળમાં ધર્મ છે. હવે ખ્રિસ્તી ધર્મનો વારો હતો. માત્ર ધર્મને જ કારણે ઈઝરાઈલે હજારો મુસ્લિમોને ઉડાવી દીધા. બન્ને પક્ષે રક્તપાત કરતી વખતે મહિલાઓ–બાળકોને પણ રક્ષણ નહીં આપ્યું ! ધર્મ હોય તો જ આટલી ક્રૂરતાનું


ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ

બીભત્સ પ્રદર્શન કરવાનું ગાંડપણ આવે. નજર સમક્ષ આ થઈ રહયું છે. લોહીના પ્રત્યેક બિંદુ માટે જેમનાં દિલ દ્રવી ઉઠે છે તેવા કરુણાસભર લોકો અને જેમનામાં થોડું પણ ડહાપણ છે તેઓ હજી ખાસ કરીને મા–બાપે ઠોકી બેસાડેલા ધર્મને કેમ વળગી રહ્યા છે ? ભકતો અને અનુયાયીઓ, ધર્મની આ બેડી તોડો, તમારે કશું ગુમાવવાનું નથી, સિવાય કે હિંસા અને ધિક્કાર !

ઈઝરાઈલ–હમાસ યુધ્ધ ધર્મની બદસૂરતનું એક બીજુ પાસુ પણ ઉજાગર કરે છે. હવાઈ હુમલા કરતાં પહેલાં ઈઝરાઈલ ગાઝાવાસીઓને એ વિસ્તાર છોડી દેવાની સૂચના આપે છે. છોડીને ભાગી જવા માટે એક–બે દિવસની મુદત આપે છે. ગાઝા–પેલેસ્ટાઈનની આજુબાજુ એકાધિક મુસ્લિમ દેશો છે. એકપણ મુસ્લિમ દેશે આ ગાઝાવાસી મુસલમાનોને આશરો આપવાની સંમતિ આપી નથી ! ધર્મને કારણે અનુયાયીઓ – ભકતો સ્વાર્થાંધ બની જાય તેનું આનાથી વધારે ખરાબ ઉદાહરણ ક્યાંથી મળશે ? આખી દુનિયામાં ધર્મને નામે આ જ બની રહ્યું છે. આ બાબતમાં ઈઝરાઈલનાં જે ધાર્મિક લોકો છે તે પણ પાછળ પડે એમ નથી. ઈઝરાઈલની રચના થઈ તે પહેલાં ત્યાં જે અનુયાયીઓ વસતા હતા તેના વંશજો આજે પણ એમ માને છે કે તેઓ ‘શુધ્ધ’ યહૂદી છે. આથી ઈઝરાયેલમાં આવીને વસેલા ‘બહાર’ના યહૂદીઓ કરતાં તેઓ ‘ઊંચા’ છે ! આ ‘અંદર’ના અને ‘બહાર’ના યહૂદીઓ ત્યાં રોજ લડે છે. તેમાં વળી ‘શુધ્ધ’ યહૂદીઓ શાસન ચલાવવા માટે પોતે જ લાયક છે એવો દાવો કરીને રોજના ઉધામા કરે છે. જેવું મુસલમાનોનું તેવું યહૂદીઓનું ! ધર્મની અંદર પણ જે સંપ્રદાયો પડે છે તે પણ અંદરોઅંદર લડીને લોહીની નદી વહેવડાવવા સુધીના ક્રૂર બને છે. હમણા જ આપણા દેશમાં સનાતન ધર્મ અને સ્વામીનારાયણનો સંઘર્ષ એનો એક વધારાનો દાખલો છે. આથી એવી કરૂણાંતિકા ધર્મ અને સંપ્રદાયોને કારણે સર્જાય છે કે દરેક ધર્મ પોતાની શ્રેષ્ઠતા માટે એકબીજાના અનુયાયીઓ–ભકતોનો ખાત્મો બોલાવે છે, તો બીજી બાજુ એક જ ધર્મની અંદરના સંપ્રદાયો વધારે ઉગ્રતા અને ક્રૂરતાથી પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરવા ખૂનરેજી સુધીનો આશરો લે છે.

આથી જ ગળુ ફાડી–ફાડીને ચેતવવાનું મન થાય છે. બચો, બચો, ધર્મથી બચો ! ધર્મથી બચો ! માનવવાદ સ્વીકારો. વિવેકબુદ્ધિવાદી બનો. માણસને કેન્દ્રમાં રાખો. જિંદગીને માત્ર જીવવા જેવી નહીં, પણ આનંદ માણવા જેવી બનાવો.

# વિજ્ઞાન અને ધર્મથી વિકાસ કે વિનાશ ?

**–તંત્રી લેખ**

વિજ્ઞાન અને ધર્મ બંનેની પધ્ધતિ અલગ હોવા છતાં બંનેનું મુખ્ય લક્ષ તો માનવ સુખાકારી, સુવિધાયુકત, મંગલમયી અને કલ્યાણકારી જીવન હોવું જોઈએ, પણ જયારે ધર્મ વિજ્ઞાનને હાથો બનાવીને તેના સદુપયોગને બદલે દૂરુપયોગ કરે ત્યારે ખૂબ જ વિપરિત પરિણામ મળે છે. આવી પ્રવૃત્તિ એટલે યુદ્ધ જે માનવજાતનું નિકંદન કાઢવા તત્પર રહે છે. માણસ પહેલા બે દેશ વચ્ચે સરહદ તો નકકી કરે છે, તો પછીથી શું કામ એ યુધ્ધ કરે છે ? આજે દુનિયા યુદ્ધ દ્વારા શાંતિની શોધમાં નીકળી છે. એક તરફ રશિયા – યુક્રેન, બીજી તરફ ઈઝરાઈલ–ગાઝા તો ત્રીજી તરફ યુધ્ધો સમર્થક અને વિરોધી દેશો બધા જ યુદ્ધમાં  સામેલ છે. યુદ્ધનો પ્રારંભ પહેલા તો કોઈ રાક્ષસી દિમાગમાં થાય છે. અને તેમાં અસંખ્ય નિર્દોષ લોકોના જાન હોમાય છે.

સર્જાય છે ઘટના પ્રથમ મનમાં વિચારથી,
ને અવનવુ સર્જન–વિસર્જન થાય ત્યારથી.

આપણા નોબલ પુરસ્કૃત અમર્ત્યસેન સહિત નોબેલ વિનર્સ યુનિયને યુદ્ધમાં હોમાતા નિર્દોષ બાળકો કે જેને યુદ્ધ એટલે શું તેની પણ ખબર નથી તેમની સુરક્ષા માટે વિચારક્રાંતિ સાથે વિરોધ કર્યો છે. શું દુનિયાભરની શાંતિ જોખમાતી પ્રવૃત્તિઓ સાથે વિશ્વના દેશોના વૈશ્વિક શાંતિ સંગઠનો દ્વારા કોઈ સમાધાન કરી રસ્તો ન મળી શકે ?

બીજી વાત કહેવી છે, આપણા તહેવારો અને પ્રદૂષણ અંગે, આપણા આનંદ અને મોજમજા માટે પર્યાવરણનુ અહિત થતું હોય તો એ નિરર્થક છે. દુનિયાનો કોઈપણ ધર્મ પ્રકૃતિની ઉપેક્ષા કરતો નથી, તો પછી તહેવારો દ્વારા પ્રદૂષણ કેમ ફેલાય છે ? તેનું મૂળ કારણ છે તહેવારોની ઉજવણીનું લક્ષ જે ઈશ્વરની આરાધના કે ભકિત માત્ર ન રહેતા લોકોને આનંદ અને મોજમજા કેવી રીતે મળે તે રહ્યું છે. ગણપતિ ઉત્સવની શરૂઆત લોકમાન્ય ટિળકે આઝાદીની ચળવળ માટે ક્રાંતિકારીઓ સાથે મળી આંદોલનનાં આયોજનો કરી શકે તે હેતુથી કરી હતી. આજે આ ઉત્સવમાં રસ્તા પર દબાણ, સાઉન્ડ પોલ્યુશન અને પ્રતિમા તથા પુજા સામગ્રી નદીમાં વિસર્જન કરવાથી થતું પ્રદૂષણ પાણી અને જળસૃષ્ટિ માટે પણ નુકસાનકર્તા છે. નવરાત્રિમાં અમર્યાદીત અવાજ પ્રદુષણની પશુપક્ષીઓ અને પ્રકૃતિ પર વિપરિત અસરો નોંધાય છે. વિશ્વના ૧૦૦ પ્રદૂષિત શહેરોમાં ૬૫ ભારતના છે અને સૌથી પ્રદૂષિત શહેરો પણ ભારતના છે. છતાં દીવાળી પર આપણે

ફટાકડા ફોડીને અનહદ પ્રદૂષણ ફેલાવીએ છીએ. તેની સામે લોકજાગૃતિ કેળવવાની જરૂર છે. નવરાત્રિની રાતે રૂપાલ (ગાંધીનગર) ખાતે ૧૨ લાખ લોકોએ ભેગા મળીને ૩૦ કરોડ રૂા. નું ૫ (પાંચ) લાખ કિલો શુદ્ધ ઘી અભિષેકના હેતુથી રસ્તા પર નદીઓ રૂપે વહેતું કર્યું. શું આ પ્રથામાં ઘીનો બગાડ ન થાય ! તેને બદલે આ ઘી પ્રસાદરૂપે ગરીબોને વહેંચવામાં આવે તો ? આસ્તિકોએ એટલું તો સમજવું જ જોઈએ કે કોઈપણ ભગવાન કે દેવ–દેવીઓ બગાડ થાય ? ગંદકી થાય, નુકસાન થાય તેવું તો ન જ ઈચ્છે...

કાળી ચૌદશે ચોકમાં વડા મૂકીને આપણે આપણી અજ્ઞાનતા અને અલ્પબુદ્ધિનું ચોકમાં પ્રદર્શન તો નથી કરતા ને ? એ પણ વિચારવું જોઈએ. સત્યશોધક સભા આ માટે વર્ષોથી જનજાગૃતિના કાર્યક્રમો કરે છે. સંસ્થાએ મધુભાઈ કાકડીયાના નેતૃત્વમાં કાળી ચૌદશે સ્મશાનમાં પણ અંધશ્રદ્ધાના શબને બાળીને લોકજાગૃતિ માટે પ્રયત્નો કર્યા છે.

લોકો ભલે ધર્મ અને ઈશ્વરમાં માને, તેની આરાધના ભકિત કરે પણ પર્યાવરણનું કે સામાજિક સંપત્તિને નુકસાન થાય તેવું કોઈપણ આયોજન આપણા તહેવારોમાં ન થાય તેવી કાળજી રાખીએ. 'પ્રકૃતિ દેવો ભવ' ની સદ્ભાવના રાખીએ ત્યારે જ કહી શકીએ કે હેપી દીવાલી, હેપી ન્યુ યર....

---

## આપણે માત્ર 'આપણે' નથી

હોકિન્સ કહે છે કે ઉત્ક્રાંતિનો અર્થ સંકીર્ણ કરવો જોઈએ નહીં ! ડાર્વિનના ઉત્ક્રાંતિના ક્રમમાં આપણે જો માત્ર આપણા જનીનના થયેલા વિકાસને ધ્યાનમાં રાખીશું તો આપણે 'આપણને' જ ઓળખી શકીશું નહી. ગુફામાં રહેતા માનવીના જનીન અને આપણા જનીનમાં ઉત્ક્રાંતિની દષ્ટિએ બહુ વિકાસ થયો નથી. ગુફાના આદમ કરતાં આપણે ઘણા જુદા દેખાઈએ છીએ અને વાસ્તવમાં છીએ તેમાં મોટા ભાગનો ફાળો તો પેઢી દર પેઢી મળતી બાહ્ય માહિતીને આપણે સાચવી. નવી પેઢીને તે આપી આપતા પહેલા જુની પેઢીએ એમાં પોતાને મળેલી નવી માહિતિને ઉમેરી. આ રોજ વધતો જતો જનીનની બહારની માહિતિનો સંપુટ આપણને વધારે પ્રબુદ્ધ બનાવે છે. કરોડો વર્ષથી માનવજાત અસ્તિત્વમાં આવી છે, પરંતુ છેલ્લાં ૧૦,૦૦૦ વર્ષથી જ એણે નવી માહિતીની પ્રાપ્તિ, એનો ઉપયોગ અને તે નવી પેઢીને તબદિલ કરવાનું શરૂ થયું. અલબત્ત, આ પ્રક્રિયા ધીમી હતી, પરંતુ છેલ્લા ૩૦૦ વર્ષમાં આ પ્રક્રિયામાં ખુબ ઝડપ આવી અને નવી માહિતીના જથ્થામાં પણ ખૂબ વધારો થતો ગયો. આમ, આપણા D N A થી આપણે જે છીએ તે 'આપણે' નથી. એનાથી આપણે બાહ્ય માહિતીમાં થતો વધારો અને તેનો વધારે ને વધારે થતો ઉપયોગ એ D N A માં ઉમેરીએ તે 'આપણે' છીએ. આધુનિક માનવ છીએ.

# ડો. સુષ્મા અય્યરને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ સમારોહની ભીતરમાંનો બૌદ્ધિક વ્યાયામ–૧

–સૂર્યકાન્ત શાહ

તા. ૧૧–૬–૨૩ના રોજ ડૉ. સુષ્મા અય્યરને રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો સમારોહ યોજાયો હતો. તા. ૧૫–૬–૨૩ના 'સત્યાન્વેષણ'માં એનો અહેવાલ



આપવામાં આવ્યો હતો. આ સમારોહ ડૉ. સુષ્માને પોંખવાનો તો હતો જ. ઉપરાંત, એમાં બૌદ્ધિક વ્યાયામ પણ થયો હતો. આપણે જો વિવેક બુદ્ધિવાદને સ્વીકારતા હોઈએ અને સમાજમાં તે વધારે ને વધારે પ્રસરે તેવા પ્રયત્નો કરતા તો, હોઈએ તો રેશનાલિસ્ટોના કોઈપણ કાર્યક્રમમાં વિવેકબુધ્ધિને વધારે ને વધારે સતેજ કરતો એક યા બીજા સ્વરૂપે વ્યયામ થવો જોઈએ. એ માત્ર ઉજવણીનો કાર્યક્રમ બનવો જોઈએ નહીં. આપણે રેશનાલિસ્ટોએ વિવેકબુદ્ધિવાદને પૂરો સમજી લીધાનો દાવો કરવો જોઈએ નહીં. કાર્યક્રમમાં આવતા મહેમાનોને પણ એનો પરિચય થવો જોઈએ. આ હેતુસર આ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહમાં સત્યશોધક સભાએ જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. પ્રકાશ ભટ્ટનું 'પ્રતીતીકર પુરાવાઓનું વિજ્ઞાન એટલે એલોપથી' પર પ્રવચન–પ્રશ્નોત્તરી રાખ્યાં હતાં. ડૉ. મનસુખ પટેલે જણાવ્યાનુસાર ડૉ. ભટ્ટ લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ ખીલે તે

માટે અથાક પ્રયત્નો કરે છે. વ્યવસાયિક ક્ષેત્રે એમણે અનેક સિદ્ધિઓ મેળવી છે. આથી એમને અનેક પુરસ્કારો અર્પીને લોકોએ એમની કદર પણ કરી છે.

સમારોહની શરૂઆત સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયાએ પ્રગટાવેલ અગ્નિથી થઈ. પ્રમુખ શ્રી સૂર્યકાન્ત શાહે સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, 'ડૉ. ભટ્ટ ઉપરાંત ખારેલમાં સેવાની ધૂણી ધખાવીને બેઠેલા ગ્રામ સેવા રૂરલના ડૉ. અશ્વિન શાહ પણ આપણી વચ્ચે છે.' 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ કરવા પાછળના હેતુને સમજાવતા સૂર્યકાન્ત શાહે જણાવ્યું કે રેશનાલિઝમ ક્ષેત્રે જાહેરમાં કામ કરવું તે લોખંડના ચણા ચાવવા જેવું છે. જે થોડા વીરલા એ કામ કરે છે તેમને ખાતરી થવી જોઈએ કે કોઈક તો એમની પાછળ ઉભા છે. એમની કદર કરે છે. સત્યશોધક સભા ચંદ્રક અર્પણ કરીને એ વીરલાઓને પ્રોત્સાહન પૂરું પાડે છે. તેમાં વળી આપણી વચ્ચે રમણભાઈ પાઠક હતા. એમણે એમની કલમ દ્વારા સામાન્ય જનની વચ્ચે રેશનાલિઝમના વિચારને વહેતો કરેલો. એનાં ઘણા સારાં પરિણામો આવ્યાં. આથી એમના જ નામે આ ચંદ્રક આપવાનું સત્યશોધક સભાએ નકકી કર્યું. શાહે એ બાબતનો સંતોષ વ્યકત કર્યો હતો કે આ ચંદ્રકથી આભુષિત મોટા ભાગની વ્યકિતઓ રેશનાલિઝમના ક્ષેત્રે સક્રિય છે. તેઓ રેશનાલિઝમના પ્રચાર પ્રસાર માટે પોતાનું યોગદાન આપી રહ્યા છે. આવા જ એક અગ્રણી રેશનાલિસ્ટ ડૉ. સુષ્મા અય્યરને આજે જયારે આભુષિત કરવામાં આવે છે ત્યારે સાનંદ નોંધવાનું થાય કે ડૉ. અય્યર પોતે રેશનાલિઝમનું જીવતુ–જાગતુ ઉદાહરણ છે. એમનું સમગ્ર કુટુંબ રેશનલ છે. પોતે જે સંસ્થાઓમાં કામ કરે છે તે દ્વારા અને પોતાના કાર્યક્રમો અને પ્રવચનો વગેરે દ્વારા રેશનાલિઝમનું કાર્ય સતત કર્યા જ કરે છે.

સમારોહના વિષય પર બોલતા સૂર્યકાન્ત શાહે જણાવ્યું કે કેટલાક લોકો પુરાવા વગરના દાવા કરે છે. એવા પોલા દાવાના આધારે તેઓ તબીબી શુશ્રૂષા કરીને અનેકોનાં આરોગ્ય અને જીવન સાથે રમત રમે છે. બધાં જ ક્ષેત્રોમાં અને તેમાં યે ખાસ કરીને તબીબી ક્ષેત્રે કોઈપણ પ્રકારની સુશ્રૂષાને પ્રતીતિકર પુરાવાઓનું પીઠબળ હોવું જ જોઈએ. એકમાત્ર એલોપથી એવી ચિકિત્સા વ્યવસ્થા છે કે જે પ્રતીતિકર પુરાવાઓ પર ઉભેલી છે. દાવાઓ કરવાનાં કારણો અને લોકો તરફથી થતા એના સ્વીકારની મીમાંસા કરતા શાહે જણાવ્યું કે ખાસ કરીને જોગાનુજોગ, પરંપરા, વહેમ, અંધશ્રદ્ધા અને ધર્મના નામે

દાવાઓ પોકળ હોવા છતાં એનો ગાઈ–બજાવીને પ્રચાર કરવામાં આવે છે, અને લોકો તેને સ્વીકારી લે છે. એલોપથીમાં આ પ્રમાણે બનતું નથી. એ આરોગ્ય માટેનું સંપૂર્ણ વિજ્ઞાન છે. એ વિજ્ઞાન છે તેથી તે પોતાની સેવા કરવા માટેની ક્ષમતા અને મર્યાદાઓથી સભાન છે. એ પોતાની મર્યાદા દૂર કરવા સતત મથે છે. આથી એનામાં સતત સુધારા આવે છે. પોતાની સેવા સેંકડો, હજારો વર્ષ જૂની છે તેથી તે અસરકારક હોવાનો બાલિશ દાવો એલોપથી કરતી નથી. એ ગઈકાલ કરતાં આજ બહેતર હોવાનો દાવો દર્દીઓ સમક્ષ રજૂ કરે છે. શુશ્રૂષા આપી શકે તે માટે 'ડૉકટર' થી ઓળખાતા લાયકાત ધરાવનારા સેવા આપે છે. ગમે તે આવી મવાલીઓ અન્ય પથીઓનાં જે ધગારા મચાવે છે તેવું ઓલોપથીમાં બનતું નથી. આ બધી વાતો લોકો સમક્ષ અસરકારક રૂપે મૂકાતી નથી તે ચિંતાજનક છે. ડૉકટરોની ઈન્ડિયન મેડિકલ એસોસિએશન જેવી સંસ્થાઓએ એલોપથીની પ્રતીતિકર પૂરાવાધારિત આરોગ્ય સેવાનો પુષ્કળ પ્રચાર કરવો જોઈએ.

(વધુ આવતા અંકે)

---

## અપીલ

ગુજરાતીભાષીઓ માટે રૅશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ. ઓ.થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

*દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# જાવેદ અખ્તરના નિરીશ્વરવાદી વિચારો

મહારાષ્ટ્ર રાજ્યમાં "સાંગલી" મુકામે એક "નૅશનલ એથિસ્ટ કૉન્ફરન્સ" તા. ૧૬–૧૭ સપ્ટેમ્બરે સંપન્ન થઈ. તેમાં મુખ્ય વક્તા તરીકે 'રિચાર્ડ ડોકિન્સ એથિયેસ્ટ એવોર્ડ વિજેતા' જાવેદ અખ્તર હતા. નાસ્તિક પરિષદ સમક્ષ રજૂ કરેલા વિચારોની પ્રથમ ઝલક અને પછી તેની વિગતો નીચે મુજબ છે.

મારા જન્મ પછી સૌ પ્રથમ મેં કોઈ અવાજ મારા કાનમાં સાંભળ્યો હોય તો કાર્લ માર્કસના 'કોમ્યુનિસ્ટ મેનીફેસ્ટો' ના સુપ્રસિદ્ધ વાક્યનો 'વિશ્વના મજૂરો એક થાવ તમારે ફકત તમારા હાથની બેડીઓ કે સાંકળો સિવાય કાંઈ ગુમાવવાનું નથી.'

મારા પિતાજી ગ્વાલિયરની કૉલેજમાં પ્રોફેસર હતા. તે સામ્યવાદી વિચારસરણી પ્રેરિત 'પ્રગતિશીલ લેખકોનાં ગ્રૂપના અગ્રણી હતા. મારી મમ્મીની પ્રસૂતિ ગ્વાલિયરની હૉસ્પિટલમાં કરવામાં આવી હતી. જન્મ સમયે મારી નાનીના કેટલાક સગા તથા મારા પપ્પાના ગ્રૂપના મિત્રો પણ હતા. નાનીના સગાઓએ મારા કાનમાં મુસ્લિમ બાળક તરીકે અઝાન તથા કુરાનની આયાત સંભળાવવાનું કહ્યું. મારા પિતાજીના સાથીદાર પાસે કાર્લમાર્ક્સ નો કોમ્યુનિસ્ટ મેનીફેસ્ટો હાથમાં હતો. પિતાજીએ તે પુસ્તક લઈને તેમાંથી ઉપરનું વાક્ય મારા કાનમાં સંભળાવ્યું !

મને આ હૉલમાં આટલી મોટી સંખ્યામાં ડેલીગેટ્સની હાજરી જોઈને સમગ્ર દેશમાં ફેલાયેલા અંધવિશ્વાસના અભેદ્ય અંધકારમાં આશાનું કિરણ દેખાય છે.

મારા મત મુજબ ૨૧મી સદીમાં તો જેટલી સહજતાથી આપણે શ્વાસમાં પ્રાણવાયુ લઈએ છીએ તેટલી જ સહજતાથી નિરીશ્વવાદી જીવન પદ્ધતિ પણ સ્વીકારેલી હોવી જેઈએ. ૨૨મી સદીમાં કલાસના રૂમના વિદ્યાર્થીઓ એ હકીકત જાણીને પોતાની બૅન્ચ પરથી ગબડી પડશે કે ૨૧મી સદીમાં લોકો ધાર્મિક હતા, અને સામસામે ધાર્મિક ગાંડપણમાં એકબીજાના ગળા કાપતા હતા.

આપણી અંધશ્રદ્ધા આપણા તમામ વાસ્તવિક જ્ઞાનની એક નંબરની દુશ્મન બની બેઠી છે વિચાર અને વર્તનમાં વિસંવાદિતા સ્કીઝૉફીનીયા (Schizophrenia) નો ભોગ બની બેઠી છે. આ એક માનસિક બીમારી છે. આપણો સમાજ જે પેલી વિસંવાદિતા છે, માનસિક બીમારીનો ભોગ બનેલો છે, તે બધાની સંખ્યા ૯૯ ટકા છે અને જે એક ટકો

મારા તમારા જેવા નિરીશ્વરવાદીઓ છે તેને માનસિક બીમાર ગણે છે ! જેનાં જ્ઞાન અને વર્તનમાં કોઈ વિસંવાદિતા લેશ માત્ર નથી. પેલા બહુમતી માનસિક પાગલોને તેનાથી સુખ, ચેન અને શાંતિ મળતી હોય તો તમને નાસ્તિકોને શા માટે પેટમાં દુઃખે છે ? પણ તેમની રોગિષ્ટ શાંતિ બીજાને સુખથી જીવવા દેતી ન હોય તેનું શું ? તેમની વિસંવાદિતા ભરેલી વર્તણૂંક સદીઓથી ઉધઈની માફક કોરી ખાતી આવી છે. જ્યાં સુધી તમારાં દીકરા–દીકરીઓ ૧૮ વર્ષ સુધીની ઉંમરના ન થાય ત્યાં સુધી ધર્મ અને ઈશ્વર અંગેનું કોઈ બ્રેઈન વોશ ન કરશો. તારે સારા હિંદુ બનવાનું છે કે સારા મુસલમાન બનવાનું છે તેવું સ્વપ્નમાં પણ ના શીખવાડશો. મારી સલાહ છે કે તે બધા ૧૮ વર્ષની ઉંમરના થાય પછી વિશ્વના અગ્રણી ૧૦ ધર્મના પુસ્તકો તેમને અભ્યાસ કરવા આપી દો, અને જણાવો કે હવે તને જે ધર્મ યોગ્ય લાગે તે સ્વીકાર ! બોલો ? શું જવાબ હશે તેમનો ? મારા મત મુજબ તે કોઈ ધર્મ જ નહીં સ્વીકારે !

All religious parents should be punished under Child Abuse Act for the irrational behaviour for their children's brain washing.

વિશ્વાસ અને શ્રદ્ધા બન્ને વચ્ચે શું તફાવત છે ? મારે મન અંધશ્રદ્ધા અને શ્રદ્ધા જુદા નથી. એક જ છે. વિશ્વાસનો આધાર પુરાવો, તર્ક અને અનુભવ છે, જ્યારે શ્રદ્ધાનો આધાર તમામ પુરાવા, તર્ક અને અનુભવના માપદંડોથી પર છે.

ધાર્મિકતા અને કોમવાદીનું હોવું બે વચ્ચે શું તફાવત છે ? ગાંધીજી ધાર્મિક હતા પણ કોમવાદી ન હતા. તેઓને સર્વધર્મ સમભાવમાં વિશ્વાસ હતો, પણ નાસ્તિક ન હતા. મહંમદઅલી ઝીણા નાસ્તિક અને કોમવાદી બંને હતા પણ ધાર્મિક ન હતા. આર.આર.એસ.ના મૂળ સ્થાપકો નાસ્તિક અને કોમવાદી બંને હતા, પણ ધાર્મિક ન હતા. કોમવાદી નેતાઓ પછી તે ગમે તે ધર્મનો કેમ ન હોય તેઓ પોતાના ધર્મનો રાજકીય સત્તા માટે ઉપયોગ કરતા આવ્યા છે.

ઈશ્વરમાં શ્રદ્ધા એટલે 'પોસ્ટ ડેટેડ ' ચેકના નાણાં મળશે પણ તમારા મૃત્યુ બાદ તેવો વિશ્વાસ. દરેક ધર્મ તેના અનુયાયીઓને ઉપદેશ આપે છે કે, 'તારા મૃત્યુ બાદ તારે સ્વર્ગના સુખો ભોગવવા હોય તો આ જીવનમાં તારી કમાયેલી બચત મારી અને મારા ઈશ્વરી એજન્ટોએ નકકી કરેલા ચોકઠાં અને માળખામાં વાપરી નાંખ !'

આ ઈશ્વર ક્યાં રહે છે એ તમને ખબર છે ? મારા તમારા ઉપર જે આકાશ દેખાય છે તે તો તેનો ગ્રાઉન્ડ ફ્લોર છે. ઉપર બીજા સાત મજલા છે. સાતમા મજલે ઉપર એક પેન્ટ હાઉસ છે તેમાં તે રહે છે. તેમાં તેની ઑફિસમાં પૃથ્વી પરના મારા તમારા નાનામાં નાના કાર્યોની નોંધના ચોપડા છે. હિન્દુ મૃત્યુ પામનાર માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું નામ છે 'ચિત્રગુપ્ત' તેની પાસે ફકત ભારતના હિંદુઓ એન.આર.આઈ. સહિતની નોંધ રાખવામાં આવે છે. પેલા કયામત અને મુક્તિનો ઈન્તેજાર કરનારાઓ માટે પંદરસો અને બે હજાર વર્ષથી રાહ જોનારા માટે અનોખી વ્યવસ્થા કરવામાં આવી છે. इसको इधर ले आओ, मगर उसको यही मत लाना । उधर ले जाना ।

જે નેતા પોતાના કાર્યો નીતિ અને વર્તન સામે પ્રશ્ન કરવાની મનાઈ કરે તેના પર કોઈ ભરોસો રાખશો નહીં. કારણ કે માનવી ઝાડ અને ગુફામાંથી નીકળીને ૨૧મી સદી સુધી આવ્યો છે તેનું કારણ તે પ્રશ્ન પૂછતો આવ્યો છે, નહીં કે નેતામાં આંધળો વિશ્વાસ ! (આ જાવેદ અખ્તરના પ્રવચનનો ભાવાનુવાદ છે.)

---

## શું મુસલમાનો પૂર્વજન્મના બ્રાહ્મણો છે ?

**–એન. વી. ચાવડા**

કહેવાતાં અપૌરુષેય અને ઈશ્વરકૃત ગ્રંથ ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે જયારે પ્રથમ વાર સૃષ્ટિ બની ત્યારે વિરાટ પુરુષ બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણો, ભૂજાઓમાંથી ક્ષત્રિયો, જંઘાઓમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા છે ત્યારે ગંભીર વિચારણીય પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, 'તો પછી મુસલમાનો ક્યારે, કેવી રીતે, કોના દ્વારા અને શા માટે ઉત્પન્ન થયાં હશે ?' આ પ્રશ્નનો પ્રત્યુત્તર હમણાં જાણવા મળ્યો. ઈતિહાસ કહે છે કે મોગલ કાળમાં અકબરના શાસન વખતે બ્રાહ્મણ પંડિતોએ 'ભવિષ્ય પુરાણ' લખ્યું ત્યારે તેમાં લખવામાં આવ્યું કે પૂર્વ જન્મમાં એક બ્રાહ્મણથી થોડીક ભૂલ થવાથી એ બ્રાહ્મણનો પૂનર્જન્મ અકબર તરીકે થયો હતો. જેને કારણે તે સમયે 'મોગલ બ્રાહ્મણ ભાઈ–ભાઈ' તરીકે બિરદાવીને બ્રાહ્મણો અકબરને ખુશ કરતા હતા. ઉપરાંત અકબર અને મોગલોને વધારે ખુશ કરવા માટે બ્રાહ્મણ પંડિતોએ 'અલ્લાહ પુરાણ' નામનું પુરાણ પણ લખેલું. (સંદર્ભ : સોશિયલ મીડિયા, રેશનલ વર્લ્ડ, સાયન્સ જર્ની - SJI 123 વિડીયો, યુ ટયૂબ) આ ઘટના ઉપરથી કહી શકાય કે મુસલમાનો પૂર્વજન્મના બ્રાહ્મણો જ હશે, કારણકે

ઋગ્વેદમાં મુસલમાનોને બ્રહ્માજીએ અલગથી બનાવ્યા હોવાનો ઉલ્લેખ જોવા મળતો નથી. આજના સમયમાં ૨૪ બ્રાહ્મણ રાજનેતાઓના જમાઈ મુસલમાનો છે. કરીના કપૂરના પુત્રનું નામ તૈમુર રાખવામાં આવ્યું છે. ભૂતકાળમાં તે તૈમુરલિંગ નામના એક મોગલે ભારત ઉપર હુમલો કર્યો હતો, જે બાબરનો પૂર્વજ હતો. આવી બધી બાબતો શું એવું દર્શાવે છે કે મુસલમાનો પૂર્વજન્મના બ્રાહ્મણો છે ?

## દેશની સુરક્ષાનું શું થશે ?

આપણા બાહોશ સંરક્ષણમંત્રી રાજનાથસિંહે લશ્કર માટે 'પ્રોજેક્ટ ઉધ્ધવ' શરૂ કર્યો છે. આ પ્રકલ્પ દ્વારા રાજનાથસિંહ લશ્કરના વડા, અમલદારો અને યુદ્ધની વ્યૂહરચના તૈયાર કરનારને ચાણકયના અર્થશાસ્ત્ર, કામાનંદકાના નીતિસાર અને થીરુવલ્લુવરના થીરુકકુરલનો અભ્યાસ કરવા જણાવ્યું છે, એટલે કે હુકમ કર્યો છે. રાજનાથસિંહ માને છે કે આ અને આવા અન્ય સેંકડો અને હજાર વર્ષ જૂના કહેવાતા ચિંતકોના ચોપડામાં આજે ઈ.સ. ૨૦૨૩ના યુદ્ધો લડવા, યુદ્ધો માટે જરૂરી અસરકારક હથિયારો અને વ્યૂહરચનાનું બધું માર્ગદર્શન મળશે ! આપણા સંરક્ષણ મંત્રીને જ ખબર નથી કે આધુનિક યુદ્ધ કયા હથિયારો–સાધનોથી લડાય છે. એ બિચારાને એ પણ ખબર નથી કે આ કહેવાતા ચિંતકોના જમાનામાં રાઈફલ કે એ કે–૪૭ પણ હતી કે નહીં. મિસાઈલો એટમ બોંબ વગેરેની તો બિચારા રાજનાથસિંહને ક્યાંથી સમજ પડે. આજના યુદ્ધની વ્યૂહરચનાનો સંદર્ભ સમગ્ર વિશ્વ છે. જયારે ચાણકય, વગેરેના સમયમાં તો સંદર્ભ બાજુના ગામ પૂરતો સીમિત હતો ! ચાણકય, વગેરેના સમયમાં બાહુબળ સૌથી વધારે અગત્યનું બળ હતું. આજના યદ્ધમાં તો પૂરી તાલીમ પામેલો પણ માયકાંગલો સૈનિક બટન ડબાવીને હજારોને મારી નાંખી શકે છે. આ એ જ રાજનાથસિંહ છે કે જેઓ રાફેલ જેવા અદ્યતન વિજ્ઞાન ટૅક્નોલોજી ધરાવતા યુદ્ધ વિમાનનો સ્વીકાર કરતી વખતે કંકુનો સાથિયો ચીતરે છે. સાવ ઈર્‌રેશનલ એવા સંરક્ષણ મંત્રી આપણને મળ્યા છે. તેઓ પાસે એક જ ગુણ છે, અને તે પુરાણા સમયના ગાળામાં અંધશ્રદ્ધાનો. જ્યાં સોથી વધારે વિજ્ઞાન અને ટૅક્નોલોજીનું જ્ઞાન અને તે પણ અદ્યતન પદ્ધતિનો ઉપયોગ કરવાનો છે તેને જ સંરક્ષણમંત્રી ચાણકયના સમયમાં મૂકવા જણાવે ત્યારે તેમને સૌથી વધારે અવૈજ્ઞાનિક અભિગમ ધરાવનાર તરીકે ઓળખવા પડે. ચિંતાનો વિષય એ છે કે, 'આવા સંરક્ષણ મંત્રીના હાથમાં દેશની સુરક્ષાના શા હાલહવાલ થશે ?'

# 'તમારા બાળકોને આટલું કહેજો'–પુસ્તિકા

–રાજુ સોલંકી

(આ પુસ્તિકામાં રાજુભાઈએ ૨૫ વૈજ્ઞાનિકોનો ટૂંકમાં અને બાળકો પણ સમજી શકે એવી ભાષામાં પરિચય આપ્યો છે. દરેક પરિચયના અંતે ભારતમાં એ વૈજ્ઞાનિકનું શું સ્થાન હોય તે વેધક રીતે બતાવ્યું છે). આ પુસ્તિકાની શરૂઆતમાં તેઓ જણાવે છે :

તમે તમારા બાળકોને સૌ પહેલાં તો બાથટબમાં નહાવા પડેલાને પાણી છલકાતું જોઈને યુરેકા, યુરેકાની બૂમો પાડીને શેરીમાં નાગાપૂગા દોડી ગયેલા આર્કિમીડીઝની એમેઝિંગ સ્ટોરી કહેજો. કઈ રીતે એણે રાજાના સોનાના મુગટમાં થયેલી ચાંદીની ભેળસેળ શોધી કાઢી એની વાત કરજો.

તમે એમને સફરજનના ઝાડ નીચે સૂતેલા પેલા ન્યૂટનની વાત કરજો કે, કઈ રીતે તેણે ગુરૂત્વાકર્ષણના નિયમોની શોધ કરી અને કહેજો કે કુદરતના નિયમો અવલોકન અને તર્કથી શોધાય છે. માણસે બસ એનું દિમાગ લગાવવાનું છે.

તમે એમને રશિયાના દમિત્રી મેન્ડેલીવની વાત કહેજો કે, કઈ રીતે એણે પીરીયોડિક ટેબલની શોધ કરી અને નવા ત્રણ તત્ત્વો જે શોધાવાના હતા તેની પણ આગાહી કરી અને આ બધું રીસર્ચથી થાય. કુંડલીની જાગૃત થવાથી કંઈ ના થાય એ કહેજો.

તમે એમને બ્રિટનના જ્યોર્જ સ્ટીફન્શનની કથા કહેજો કે, કઈ રીતે એણે ૧૮૧૪માં પહેલું રેલવે એન્જિન બનાવ્યું અને રેલવે ટ્રેકની વૈશ્વિક સ્ટાન્ડર્ડ સાઈઝ નક્કી કરી અને કહેજો કે, સ્ટીફન ના હોત તો હજુ આપણે બળદગાડામાં બેસીને બહુચરાજી માતાના દર્શને જતા હોત.

તમે એમને ઈટાલીના ગુગ્લીએલ્મો માર્કોનીની વાત કહેજો કે, કઈ રીતે એણે લાંબા અંતરના વાયરલેસ ટેલિગ્રાફ અને રેડિયો સિગ્નલને શોધ્યા અને આપણે તેત્રીસ કરોડ દેવતાઓને પૂજતા રહ્યા.

તમે તમારા બાળકોને જર્મનીના જોહાનીસ ગુટનબર્ગની વાત કરજો કે, કઈ રીતે તેણે દુનિયાનું પહેલું પ્રિન્ટિંગ પ્રેસ બનાવ્યું અને કહેજો કે એના વિના પાઠ્યપુસ્તકો છપાયા જ ન હોત.

તમે એમને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ફાઉન્ડિંગ ફાધર બેન્જામિન ફ્રેંકલિનની વાત કરજો કે, કઈ રીતે તેણે સ્વિમ ફિન્સ, કેથરેટર્સ, લાયબ્રેરી ચેર, સ્ટેપ લેડર્સ,

લાઈટનિંગ રોડ્સ, બાયફોકલ ગ્લાસીસ અને સ્ટવ જેવી ઢગલો ચીજોની શોધ કરી. એટલું જ નહીં, અમેરિકાનું બંધારણ ઘડવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી.

તમે એમને પેલા અંગ્રેજ જોસેફ પ્રીસ્ટલીની વાત કરજો કે, કઈ રીતે એણે ઑક્સિજનની શોધ કરી, એટલું જ નહીં વનસ્પતિ હવામાં પ્રાણવાયુ છોડે છે એ પણ શોધી કાઢ્યું અને કહેજો કે, આ બધું રીસર્ચથી થયું. મંજીરા વગાડવાથી નથી થયું.

તમે એમને અમેરિકાના લી ફોરેસ્ટની વાત કરજો કે, કઈ રીતે એણે ઓડીયોન વેકયુમ ટયૂબ બનાવી. જેનો ઉપયોગ રેડિયોમાં થયો અને લી ફોરેસ્ટ ફાધર ઑફ રેડિયોથી જાણીતો થયો અને કહેજો કે, ફોરેસ્ટ પલાંઠી વાળીને ભભૂતિ લગાવીને બેસી રહ્યો હોત તો કશું ના થાત.

તમે બાળકોને પેલા અદભૂત ઈસમ લૂઈ બ્રેઈલની વાત કરજો. જે પોતે અંધ હતો, છતાં દુનિયાભરના અંધજનો માટે આશીર્વાદરૂપ બ્રેઈલ લિપિ શોધી કાઢી. આ કેટલી રોમાંચક વાત છે એ કહેજો અને એ પણ કહેજો કે, લૂઈને કોઈ દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થઈ નહોતી, પરંતુ સંગીત અને ગણિતના કોડ્સનો ઉપયોગ કરીને સખત રીસર્ચ પછી લિપિ શોધેલી.

તમે એમને સોલાર સિસ્ટમની શોધ કરનારા પેલા નિકોલસ કોપરનિક્સની વાત કરજો. જે ભાઈ ચર્ચના વિરોધને કારણે આજીવન કુંવારા જ રહી ગયા.

તમે એમને નિકોલા ટેસ્લાની વાત કરજો કે, કઈ રીતે એણે ઓલ્ટરનેટિંગ કરન્ટ (એસી)ને સંચાલિત કરતી ઈન્ડકશન મોટરની શોધ કરી. કઈ રીતે તેણે આખી જિંદગી સંશોધનો કરીને ૩૦૦ પેટન્ટ રજિસ્ટર કરાવી. ટેસ્લાએ નાયગ્રા ધોધ પર દુનિયાનું પ્રથમ એસી પાવર સ્ટેશન નાંખ્યું. જે પી. મોર્ગેનના સપોર્ટથી દુનિયાની પ્રથમ વાયરલેસ બ્રોડકાસ્ટિંગ સિસ્ટમ નાંખી. ૧૯૯૭માં લાઈફ મૅગેઝિને ટેસ્લાને 'છેલ્લા ૧૦૦૦ વર્ષોના સૌથી પ્રખ્યાત સો લોકોની યાદી'માં સ્થાન આપ્યું.

તમે એમને ઈલેકટ્રોનિક ટી.વી.ના પિતા ફિલો ફાર્નસ્વોર્થની વાત કરજો કે, કઈ રીતે તેણે તેના ઘરના ગુફા જેવા ભોંયતળિયામાં કલાકો સુધી રીસર્ચ કરીને લશ્કર માટેના વોર્નિંગ સિગ્નલ્સ, રડાર, સબમરિન ડિટેકશન ડિવાઈસ અને ઈન્ફ્રારેડ ટેલિસ્કોપના કન્સેપ્ટ આપ્યા.

તમે એમને પેલી મહાન સ્ત્રી મેરી કયૂરીની વાર્તા કહેજો. જેણે દુનિયાને રેડિયો એક્ટિવિટી નામનો શબ્દ આપ્યો. મેરીના પોલેન્ડમાં ૧૮૦૦ની સાલમાં યુવાન

સ્ત્રીઓને યુનિવર્સિટીઓમાં જવાની મનાઈ હતી. તો મેરીબહેન એક અન્ડરગ્રાઉન્ડ યુનિવર્સિટીમાં જોડાયા. એમણે રાત દિવસ રીસર્ચ કરીને પોલોનિયમ અને રેડિયમ નામનાં નવાં તત્ત્વો શોધ્યા. ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધમાં હજારો જખમી સૈનિકોના મેરીના એક્સ–રેની શોધથી જીવ બચ્યા. મેરીએ એક્સ–રે મશીનનો કન્સેપ્ટ આપ્યો. આજે એક્સ–રે મશીન વિના તમારી શું હાલત થાય એ વિચારજો. મેરી આજીવન રીસર્ચમાં એવા ગળાડુબ રહ્યાં કે રેડીયેશનના એક્સપોઝરથી એમને એપ્લાસ્ટિક એનીમીયા નામનો જીવલેણ રોગ થયો, અને મૃત્યુ પામ્યા. તમારી દીકરીઓને મેરીની વાત અચૂક કરજો.

શું નવી પેઢી કે શું જૂની પેઢી,
વિચારોની તાજગી મહત્ત્વની છે;
બાકી ઉંમર તો છે એક વાહિયાત આંકડો.

---

## મહાન વૈજ્ઞાનિકોની નમ્રતા

---

ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધનારા 'મહાન વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટને કહેલું કે, મને ખબર નથી કે હું દુનિયાને કેવો લાગીશ. પણ હું તો મારી જાતને દરિયા કિનારે રમતા બાળક જેવી જ ગણું છું. એક એવું બાળક જે દરિયા કિનારે લીસા પથ્થરો અને રૂપાળાં છીપલાં શોધવા આમતેમ ડાફોળિયા મારે છે, જયારે સત્યનો મહાન સાગર તો હજુ મારાથી વણશોધાયેલો છે.

દુનિયાના મહાન વૈજ્ઞાનિકો આટલા નમ્ર હોય છે. પોતે મોટી ધાડ મારી છે એવું એ માનતા જ નથી. અને સૌથી મોટી વાત તો એ છે કે દરેક વૈજ્ઞાનિકને ખબર છે કે એ એના પુરોગામી વૈજ્ઞાનિકોના ખભા પર ઉભો છે. આર્કિમીડીઝના ખભા પર ન્યૂટન અને ન્યૂટનના ખભા પર આઈન્સ્ટાઈન ઉભો છે. એટલે જ ન્યૂટનને કહેલું કે હું દૂરનું જોઈ શકયો છું, કેમ કે હું મહાન માણસોના ખભા પર ઉભો છું. If I have seen further. It is by standing on the shoulder of giants.' દરેક વૈજ્ઞાનિક એના અગાઉ થયેલા સંશોધનને આગળ ધપાવે છે. અને બધા મળીને માનવજાતનું કલ્યાણ કરે છે.

બહુજન આંદોલનમાં કામ કરતા કર્મશીલોમાં જે દિવસે આવી નમ્રતા આવશે, પોતાના પૂર્વ સૂરિઓના કામની કદર કરવાની નિખાલસતા આવશે ત્યારે સૌનું કલ્યાણ થશે.

## દુઃખદ આશ્ચર્ય

રાજુભાઈએ 'મેઘનાદ સાહા'ના પરિચયમાં નીચે દર્શાવેલ માહિતી દુઃખદ આશ્ચર્ય આપે છે.

એસ્ટ્રોફીઝિકસ (ખગોળભૌતિકી)માં રીસર્ચ કરવા માંગતા મેઘનાદ માનતા હતા કે પરદેશથી વિજ્ઞાનનાં સાધનો આયાત કરવાને બદલે વૈજ્ઞાનિકો પોતે જ સંશોધનનાં ઉપકરણો બનાવે તો જ પાયાનું સંશોધન કાર્ય થઈ શકે. તત્કાલીન નોબલ વિજેતા સી. વી. રામન મેઘનાદને ઉપકરણ બનાવવા માટે યુનિવર્સિટીનું ફંડ મળે તેમ ઈચ્છતા નહોતા કારણકે મેઘનાદ અછૂત હતા ! તેમણે મેઘનાદનો વિરોધ કર્યો. એટલું જ નહીં, રામને અમેરિકાના નોબલ વિજેતા રોબર્ટ મિલિકનને પણ મેઘનાદને ફંડ આપતા અટકાવ્યા. પરિણામે મેઘનાદ અલ્હાબાદ યુનિવર્સિટીના ભૌતિક વિભાગના વડા તરીકે કામ કરવા જતા રહ્યા. ત્યાં તેમણે એમનું ઐતિહાસિક સંશોધન કાર્ય આગળ ધપાવ્યું. મેઘનાદે તે સમયે વિકસાવેલું માસસ્પેક્ટ્રોસ્કોપ આજે પણ યુનિવર્સિટીમાં મોજૂદ છે અને વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરે છે. (પુસ્તિકા માટે ગુજરાત શિક્ષણ પરિષદ **98986 50100** નો સંપર્ક કરો.)

## 'સત્યશોધક સભા'નું મુખપત્ર

રાજકોટના મધુ કોઠારી સંપાદિત અનિયતકાલીન
મુખપત્ર 'મોનો ઈમેજ'માં આપણા 'સત્યાન્વેષણ' માટે
આ અપીલ કરવામાં આવી છે. અન્ય પ્રકાશકો પણ
આ પ્રમાણે કરીને રેશનાલિઝમના પ્રચાર–પ્રસારમાં ફાળો આપી શકે.

અત્યારના વૈજ્ઞાનિક યુગમાં પણ આપણા સમાજમાં અંધશ્રદ્ધા અને વહેમ પ્રસરી રહ્યાં છે. તેને દૂર કરવાના ધ્યેય સાથે વર્ષોથી સુરતમાં 'સત્યશોધક સભા' કાર્ય કરી રહી છે. આ એક રેશનાલિસ્ટ મુવમેન્ટ છે. તેનું સંચાલન શ્રી સૂર્યકાન્ત શાહ કરે છે. અને ડૉ. બી. એ. પરીખ, સુગીત પાઠકજી, ડૉ. સુષ્મા અય્યર વગેરે મહાનુભાવો તેમાં સહયોગ આપી રહ્યા છે. આ સભા તરફથી તેનું મુખપત્ર 'સત્યાન્વેષણ' પ્રગટ થાય છે. આ સામયિકને આર્થિક સહયોગ આપવાની અપીલ બહાર પાડવામાં આવી છે. જાગરૂક નાગરિકો તરફથી વિનંતી છે કે, તેઓ આર્થિક સહયોગ આપે.

# શિક્ષક હોવાની સાર્થકતા

**–સૂર્યકાન્ત શાહ**

એક સાંજે મારો મોબાઈલ રણક્યો. સામે છેડે શ્રી હસમુખભાઈ રમણભાઈ પટેલ હતા. હું ઓળખી શક્યો નહીં. એણે (હસમુખે મને માનાર્થે 'એમણે' અને 'તમે'નું સંબોધન કરવાનો સવિનય ઈનકાર કર્યો છે.) જણાવ્યું, 'સર ! હું હસમુખ પટેલ, ૧૯૭૬માં આપણી સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સનો જી. એસ. હતો. હવે ઓળખ્યો ?' યાદશક્તિને જરા ઘસતા યાદ આવતા મે. 'હા' ભણી. એક સાચા વિદ્યાર્થી મિત્ર તરીકે એણે જણાવ્યું કે એ એના પૌત્રને મારા નામે ઘણા બોધપાઠ શીખવે છે. એકવાર એને વિચાર આવ્યો કે, 'મારો પૌત્ર તમને ઓળખતો થઈ ગયો અને હું સુડતાળીસ વર્ષે પણ તમારી સાથે વાત નહીં કરું તે કેવું ?' એ બોલતો ગયો, અને હું દૃઢ શિક્ષક હોવાની સાર્થકતાને પામતો ગયો.

સુરતમાં બી.કોમ. અને એલ.એલ.બી. કરીને એ અમેરિકાનો નાગરિક બની ગયો. એ ત્યાં ત્રણ મોટેલ ચલાવે છે. એના પિતા રમણભાઈ ઓલપાડ તાલુકાના કારેલી ગામના સામાજિક આગેવાન હતા. આવી સહજ ભાવે થતી વાતોમાં ને વાતોમાં એણે જણાવ્યું કે હું અને મારા સાથીદારો સત્યશોધક સભાના બેનર હેઠળ જે કામ કરીએ છીએ તે કોઈ નહીં કરે. મેં એટલી જ સહજતાથી એને જણાવ્યું, 'તારી વાત તો સાચી, પણ અમને પ્રવૃત્તિઓ કરવા પૈસા કોણ આપે ?' હસમુખે મારી વાતને પકડી લીધી. બોલ્યો, 'સર, હું તો આપીશ !' પળભર મને એની વાતમાં વિશ્વાસ નહીં બેઠો, પણ એણે મને ત્રણવાર ખાતરી આપી કે એ સહાયની રકમ ચોક્કસ મોકલશે, અને... લો ! માત્ર ચાર દિવસમાં મારા નિવાસસ્થાને એણે ૫૧,૦૦૦/– રૂા. મોકલી આપ્યા ! પોતે સત્યશોધક સભાનો કાર્યકર હતો તે પણ એણે જણાવ્યું.




**શ્રીમતી રંજનબેન અને હસમુખભાઈ અ. પટેલ**
**સૌજન્ય**



**મહેન્દ્ર પટેલ**



**જયાબેન પટેલ**



**હિતેન્દ્ર પટેલ**

**(હસમુખભાઈ (રુવા)ના ભત્રીજા અને પરિવાર)**

# વેદ અને વેદના અર્થ

વેદની રચના ભગવાને કરી. સામાન્ય માણસ માટે વેદ અબોધ હતા. સામાન્ય માણસ સમજી નહીં શકે એવી ભાષામાં ભગવાને વેદ કેમ લખ્યા તેનો ખુલાસો દયાનંદ એમના 'સત્યાર્થ–પ્રકાશક'માં આપતા નથી. વેદમાં જે કહેવાયું છે તે સામાન્ય માણસ સુધી પહોંચાડવા વચેટીયાઓની જરૂર પડી. એ ભૂમિકા ઋષિઓએ ભજવી. ન સમજી શકાય તે ભાષાને ઋષિઓ સમજી શક્યા. એમાં એમને સૌથી પહેલા એ સમજાયું કે વેદ એટલે 'બ્રહ્મ'. આથી એમણે જે અર્થ કર્યો તે ગ્રંથોને 'બ્રાહ્મણ ગ્રંથો' નામ આપ્યું. આ અર્થે કરવાનું કામ ઘણા ઋષીઓએ દાયકાઓ સુધી કર્યું. પરિણામે બધા જ વેદો તૈયાર થઈને દાયકાઓ બાદ મળ્યા. ઋષિમુનિઓ તો વેદના રચયિતા નહોતા. એમણે તો લોકો સમજી શકે તે ભાષામાં એનો અનુવાદ કર્યો. અલબત્ત, ઋષિઓએ પોતે કરેલા અનુવાદવાળા શ્લોકો પોતાના નામે ચઢાવ્યા, પણ વાસ્તવમાં તેઓ અનુવાદક હતા એવું દયાનંદ રચીત 'સત્યાર્થ–પ્રકાશક' વાંચતા સમજાય છે.

## 'સત્યાન્વેષણ'ને કુરીઅરથી પણ મેળવી શકાશે

આપણું પોસ્ટલ ડિપાર્ટમેન્ટ આજે નહીં તો કાલે એની બિનકાર્યક્ષમતા પંખેરશે એ આશાએ સત્યશોધક સભા 'સત્યાન્વેષણ' દર તા. ૧૫મી એ પોસ્ટમાં રવાના કરે છે. વર્ષોનો અનુભવ અને વાચકો તરફથી એકસરખી આવતી ફરિયાદોથી તારણ એ આવતું જાય છે કે આ ડિપાર્ટમેન્ટ સુધરવાનો નથી. આપના અનેક વાચકો 'સત્યાન્વેષણ' વાંચ્યા વિના રહી જાય છે. આથી કેટલાક વાચકોને જણાવવાનું કે તેઓ વધારાની ગમે તેટલી રકમ આપવાની થાય તો તે આપીને પણ કુરિઅર સેવાથી મેળવવા માંગે છે. આવા વાચકોને 'સત્યાન્વેષણ' વાંચવાની તૃષા આનંદ અને ગૌરવ અર્પે છે. આ પરિસ્થિતિમાં આતુર વાચકોને જણાવવાનું થાય છે કે તેઓ વાર્ષિક લવાજમ આપે છે તેઓ લવાજમ ઉપરાંત રૂ. ૨૪૦/– મોકલાવશે અથવા સત્યશોધક સભાના ખાતામાં જમા કરાવશે તો તેમને કુરીઅર મોકલવામાં આવશે. આજીવન વાચકોને રૂા. ૩૦૦૦/– મોકલવાના / જમા કરાવવાના રહેશે.

**–સુર્યકાન્ત શાહ**
પ્રમુખ

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો




સુરત મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ સમગ્ર શિક્ષાનો કાર્યક્રમ તારીખ ૧૭–૧૦–૨૩ના રોજ શાળા ક્રમાંક ૧૨૧, સિદ્ધિ વિનાયક મંદિર પાસે, વેસુ, અઠવા મુકામે રાખ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એ પ્રદર્શનમાં સત્યશોધક સભાનો સ્ટોલ પણ હતો. પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે આપણા એક મંત્રી જાદવ વેકરિયાનું સત્યશોધક સભાના પ્રતિનિધિ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.



જાદવ વેકરિયા અને આપણા એક સહમંત્રી સુગીત પાઠકજીએ તે પ્રસંગે અગ્નિ પ્રાગટય કરી ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત કરી હતી. સ્ટોલ પર પ્રદર્શનના સમય દરમિયાન જાદવ અને પાઠકજીએ વિવિધ ચમત્કારોના નિદર્શન કર્યા હતા. સત્યશોધક સભાના સાહિત્યનું વિતરણ કર્યું હતું, અને પુસ્તક વેચાણ કર્યું હતું. ન. પ્રા. શિ. સમિતિના શ્રી રાકેશભાઈ દેસાઈએ આ કાર્યક્રમ થાય તે માટે સત્યશોધક સભાને ખૂબ મદદ કરી હતી.

## વાચકનો મિતભાષી અભિપ્રાય

–અશ્વિન કારિયા

### ચંદ્રયાન–૩ સફળ ઉતરાણની ઉપલબ્ધિઓ :

ચંદ્રયાન–૩ ચંદ્ર સપાટી પર સફળ ઉતરાણ બદલ સમગ્ર દેશ ગૌરવ અનુભવે છે. ઈસરોના વૈજ્ઞાનિકો, ઈજનેરો તેમજ ટેકનિકલ ટીમ આપણા સૌના અભિનંદન અને યશના અધિકારી છે. તેમણે નકકી કરેલ દિવસે, સમયે અને સ્થળ પર વિના વિઘ્ને પ્રાપ્ત કરેલ. સફળતા નાની–સૂની વાત નથી. આ સફળતાની હકારાત્મક અને નકારાત્મક અસરો નીચે મુજબ વર્ણવી શકાય :

(૧) હવેથી ચાંદામામા પર નવી વાર્તાઓનું સર્જન થતું અટકશે.

(૨) ચાંદામામાના નામે થતી વ્રતની ઉજવણી બંધ થશે.

(૩) ચંદ્રનો આધાર લઈ ગવાતા ફિલ્મી ગીતો હવે રચાશે નહીં.

(૪) એક મોટી ઉપલબ્ધિ એ થશે કે હવે જયોતિષીઓ કોઈને ચંદ્રયુતિ નડતર હોવાનું બહાનું રજૂ કરી શકશે નહીં, અને તેટલા અંશે છેતરપિંડી અટકશે. તેમને નવું કારણ શોધવાની ફરજ પડશે.

(૫) ચંદ્ર પર માનવ વસાહત સ્થાપવા માટે અનુકૂળ વાતાવરણ સ્થાપવાની શકયતા ઉજળી થશે.

(૬) ચંદ્રગ્રહણ હવે અંધશ્રદ્ધાનો વિષય બનશે નહીં.

(૭) બ્રહ્માંડ વિશે વૈજ્ઞાનિક જાણકારી મેળવવાની ઉત્સુકતામાં વૃદ્ધિ થશે.

(૮) અન્ય ગ્રહો પરના સંશોધનોને વેગ મળશે.

(૯) ચંદ્ર પર વેપાર–ધંધા સ્થાપવાની શકયતા મૂર્ત બનશે.

(૧૦) ચંદ્ર હવે આશ્ચર્યનો વિષય રહેશે નહીં. પરંતુ તે પૃથ્વીની જેમ જ ગ્રહ હોવાની સમજ વિકસશે

(૧૧) ભારતમાંથી ચંદ્ર પર જવા માટે પ્રથમ અઠવાડિક અને પછી દરરોજ ચંદ્રયાન શટલ સર્વિસ શરૂ થશે.

# ચિંતનકણિકા

**–મોહન આર. પટેલ**

* કવિવર રવિન્દ્રનાથ ટાગોર કહે છે :
  ‘કલ્યાણ એટલે બેઠાં બેઠાં માળા જપવી એમ નહીં, પરંતુ કલ્યાણ એટલે લોકહિતનાં વ્રતને માનવ સમાજમાં સાર્થક કરવું તે.’
* ઈન્સાનિયતનો કયો ધર્મ છે ? ખરેખર તો ઈન્સાનિયત–માનવતાનો કોઈ ધર્મ જ હોતો નથી. ધર્મને નામે ઉભા થયેલા વાડામાં અંધશ્રદ્ધા–ભૂત ભુવા ને સ્ત્રી–ડાકણ–પુરુષ હોય તો ડાકણો જેવી કેટલીક વાહિયાત એવી કાલ્પનિક માનસિકતામાં મંદિર–મસ્જિદ–ગુરૂદ્વારા વધે છે. પરંતુ જયારે શાળા–કૉલેજ આરોગ્યધામો પૂરતા નથી. તેનો શું અર્થ...?
* કુદરત–સમય અને ધીરજ એ ત્રણ મહાન ડૉકટર્સ છે. – H. G. Bohra
* બાળકો આપણને સાંભળતા નથી તેની ચિંતા કરવાની જરૂર નથી, પણ બાળકો આપણને જોઈ રહ્યા છે તેનો અવશ્ય ખ્યાલ રાખવો જોઈએ. – રોબર્ટ ફૂલઘૂમ
* સત્ય શોધવા માટે આપણી જિંદગીમાં એકવાર, શક્ય હોય ત્યાં સુધી દરેક વસ્તુ વિશે શંકા કરવી જોઈએ. જે સાચું લાગે છે – એની પણ શંકા થવી જોઈએ. અને જે ખોટું લાગે છે તેની પણ શંકા થવી જોઈએ.
  –રે ને – દેકાર્ત (ડચ ફિલોસોફર)
* જે છાપું ખરીદવામાં વાચકને રસ ન હોય તે છાપના તંત્રીને ખરીદી શકાય.
  –લોર્ડ લીવરપુલ
* શિક્ષણ એ બહુ શકિતશાળી શસ્ત્ર છે.... જે દુનિયાને બદલી શકે.
  –નેલ્સન મંડેલા
* Once you hear details of victory, it is hard to distinguish it from defeat. -Jean Paul Satre
* પ્રેમ અને શંકા બંને એક સાથે હૃદયમાં રહી ન શકે. –ખલિલ જિબ્રાન
* કાર્લમાર્ક્સનું પ્રખ્યાત સૂત્ર : From each according to his abilities, to each according to his needs.

# 'ચાર્વાક'

–કલ્પેશ પટેલ

– ભૌતિક જીવન અને ભોગવાદી જીવનને સમાન માનવાની ભૂલ આપણે કરી. જેનું પરિણામ આપણે આજે પણ ભોગવી રહ્યા છીએ. વ્યકિત પોતાનાં કર્મને આધીન ફળ પામે છે. એટલે કે વર્તમાન યુગમાં જે શ્રીમંતો છે એ ગયા જન્મના સત્કર્મીઓ છે અને ગરીબો – ભિખારીઓ પોતાના ગયા જન્મનાં પાપોનું ફળ ભોગવે છે.

– પોતે સ્વયં ઈશ્વર છે, એવું પણ કૃષ્ણને કહેવું પડે છે. વળી, 'સામે'ના યોદ્ધાઓને મારવામાં 'પાપ' નથી. કારણ કે, યુદ્ધ એ તારો ક્ષત્રિય ધર્મ છે !

– હતો વા પ્રાપ્યસિ સ્વર્ગ, જિત્વા ભોક્ષ્યસે મહિમ્ તસ્માત્ ઉત્તિષ્ઠ કૌન્તેય, યુદ્ધાય કતનિશ્ચયઃ મતલબ કે, અર્જુન–કૃષ્ણ ઉભયને પૃથ્વીનો ભોગવટો, ઈહલોકનો માયાલોકનો, ભૌતિકતાનો ભોગવટો ઈષ્ટ છે !

– ચાર્વાકને અગ્નિમાં હોમી દીધો !' વાસ્તવમાં ચાર્વાક યુધિષ્ઠિરને જે કહી રહયો છે, એમાં અજુગતું શું છે ? યુદ્ધ પછી છેક સ્વર્ગારોહણ પર્યન્ત યુધિષ્ઠિર પોતે શું અપરાધ ભાવનાથી મુકત થઈ શકયા હતા ? જવાબ 'ના' માં જ મળે છે.

– ચાર્વાકને 'રાક્ષસ' કહીને ભૌતિકવાદી દર્શનને ભયાનક લેખાવવામાં આવ્યું છે. ભોગવાદ ને ભૌતિકવાદ એક નથી. ઈશ્વરના અસ્તિત્વને આ દર્શન નકારે છે. તેમ આત્માને પણ સ્વીકારતું નથી.

– બુદ્ધને પણ અનુયાયીઓએ 'ભગવાન' બનાવીને છોડયા.
આપણી સંસ્કૃતિ ઉદારમતવાદી હોત તો પોતાના જ જન્મસ્થાનેથી બૌદ્ધધર્મને ભાગવું ન પડયું હોત ! અન્ય ગ્રંથો ઉપલબ્ધ છે તેમ ચાર્વાકદર્શનના ગ્રંથો પણ ઉપલબ્ધ હોત.

– બ્રાહ્મણે તે વેદમાં વિશ્વાસ કરવો પડે. પૂજા આહ્નિક કરવા પડે. વેદમંત્રોના શુકપાઠ કરવા પડે. ડરી ડરીને જીવવું પડે. દંભ કરવો પડે.... અરે ! છટ..... ! મનુષ્યજીવન એકવાર મળે છે. પૂરાં સો વર્ષ પણ નહિ....એમાં નિયમો ને આચારસંહિતાઓમાં બદ્ધ થઈ ગયા તો સમજો ગયા ! પરલોક કોણે જોયો છે ?

– ન સમજાય તેવી ભાષા પણ એક દંભ છે, પ્રતારણા છે.

– બૃહસ્પતિ મદિરાલયમાં જોવા લાગ્યો. ઘણીખરી બેઠકો પર પિયકડો બેસી ગયા હતા. કોઈ પી રહ્યા હતા. કોઈ પ્રલાપ કરતા હતા, કયાંક–કયાંક વાદવિવાદ ચાલતો હતો. તિલક – ત્રિપુંડ નહોતાં, સ્કંધ પર ઉપવિત નહોતાં. મુખમાં એલાયમેન્ટ કરે, ગાયત્રીમંત્ર નહોતો બાહ્યચારોથી એણે એના મનુષ્યત્વને અળપાવી દીધું નહોતું. આ મદિરાલય જ જાણે દેવાલય છે ! મને અહીં લાધ્યું તે જ્ઞાન શું યજ્ઞ ને એવા અન્ય કર્મકાંડોમાંથી થોડું લાધશે ?

## નાસ્તિક રાવણને પણ ઓળખવા જેવો છે

**–પ્રેષક : સુરેન્દ્ર**

અમદાવાદમાં એક લંકેશ ચક્રવર્તી રહે છે. લંકેશ એટલે રાજ રાવણ. આમ તો ચક્રવર્તી અટક બંગાળીમાં હોય, પરંતુ લંકેશે ચક્રવર્તી રાજના સંદર્ભમાં આ અટક રાખી છે. અમદાવાદી લંકેશ મૂળ તો મિલ કામદારના પુત્ર. રામાયણના લંકેશ શિવભકત હતા, પણ અમદાવાદના આ લંકેશ નથી શિવભકત કે નથી રાવણ કે રામના પ્રેમી. એ તો પોતાની જાતને નાસ્તિક કે રેશનાલિસ્ટ ગણાવે છે.

એક ઘટનામાંથી લંકેશ નામકરણનાં બીજ રોપાયાં. વર્તમાનમાં લંકેશ તરીકે ઓળખાતા આ ભાઈ પોતાનું સાચું નામ જાહેર કરવા માગતા નથી, એટલે સગવડ ખાતર આપણે એમણે અહીં નિલેશ કહીશું. માતા–પિતાએ એનું નામ રાશિ પ્રમાણે રાખેલું.

નિલેશ મંદિરમાં દર્શને જાય. શનિવારે ઉપવાસ કરે. અમદાવાદ પાસેના ભૂવાલડી ગામમાં રહેતો નિલેશ દસમા ધોરણમાં એડ્‌મિશન લેવા મિત્રો સાથે અમદાવાદની સ્કૂલમાં ગયો. બાદમાં મિત્રો સાથે ચા–નાસ્તો કરવા બેઠો. થોડી પળોમાં ખ્યાલ આવ્યો કે, ‘આજે શનિવારનો ઉપવાસ છે અને ચા–નાસ્તાથી મારો ઉપવાસ તૂટયો.’

એનો પસ્તાવો થયો. બે ઘડી થયું. હું ઈશ્વરકૃપા માટે ઉપવાસ કરતો હોઉં તો ઈશ્વર શા માટે મારું વ્રત તોડાવે ? ઈશ્વર અંતર્યામી હોય તો મારી કસોટી કેમ કરે ?

મનમાં ઉદ્‌ભવેલા આવા અનેક પ્રશ્નોના ઉત્તર શોધવાની મથામણમાં એની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા તૂટી. એ દિવસોમાં ઢોંગી સાધુ, તાંત્રિકો, ધુતારાં, વગેરેના આ ચમત્કારોથી લોકોને છેતરાતાં અટકાવવા માટે ઝુંબેશ ચલાવતા પાલીતાણાવાસી રેશનાલિસ્ટ ચતુર ચૌહાણ સાથે પરિચય થયો. પછી તો એમના ‘ચમત્કારથી ચેતો’ નામના શેરી નાટકના ઘણા શોમાં વિજ્ઞાનયાત્રીનું પાત્ર ભજવ્યું.

નિલેશે ૧૯૮૮માં પોતાના નામ અને અટક બદલ્યાં. નવું નામ લંકેશ ચક્રવર્તી સરકારી ગૅઝેટમાં છપાવ્યું. બાદમાં આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, વગેરે સરકારી દસ્તાવેજોમાં દાખલ કરાવ્યું.

લંકેશ નામ કેમ પસંદ કર્યું ?

આ પ્રશ્નના ઉત્તરમાં એ ચિત્રલેખાને કહે છે : 'આપણે ત્યાં લોકો પોતાનું કે સંતાનનું નામ રાવણ, કંસ, દુર્યોધન રાખતા નથી. સમાજની દ્રષ્ટિએ એ ખરાબ લોકો છે. વાસ્તવિકતા એ કે સારું (ભગવાન, મહાપુરુષ, વગેરે) નામ ધરાવતી વ્યકિત સારી હોય એવું સાબિત થયું નથી. કયારેક ભગવાનના નામધારી અમુક લોકો ખરાબ પણ જોવા મળે. એટલે કે માત્ર નામથી વ્યકિતને સારી કે ખરાબ માની ન શકાય. એમ તો રાવણ ધાર્મિક વૃત્તિનો અને શિવભકત હતો. છતાંય લોકો રાવણ નામ રાખતા નથી. હું નાસ્તિક હોવા છતાંય લોકાના નામ અંગેનો ભ્રમ ભાગવા મેં લંકેશ નામ રાખ્યું.'

નવા નામથી ફાયદો થયો કે ગેરફાયદો એ વિશે લંકેશ કહે છે : 'લંકેશ નામ સાંભળીને લોકો મને યાદ રાખે છે અથવા નામ સાંભળીને આશ્ચર્ય અનુભવે છે એટલો ફાયદો છે.'

લંકેશનું નામ ૧૯૯૧થી ઠીક ઠીક ગાજતું થયું. બન્યું એવું કે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આસો સુદ નોમની રાત્રે વરદાયિની માતાજીની પલ્લી નીકળે છે. એના પર ગામવાસીઓ અને શ્રદ્ધાળુઓ શુદ્ધ ઘીના રીતસર ડબ્બા ઠાલવે. ધૂળિયા રસ્તા પર હજારો મણ ઘી ઢોળાય અને ઘીમાં ગંદકી ભળે. એના બદલે ઘીનો સદુપયોગ કરવાની પલ્લી પરિવર્તન ઝુંબેશ લંકેશે આરંભેલી. જો કે હજી આજેય એ પરંપરા યથાવત્ રહી છે.

લંકેશનું બીજું રૂપ પણ જુઓ. અંદાજે બે દાયકા પહેલાં એ અમુક મૅગેઝિનો અને અખબારોમાં ફ્રીલાન્સ/ફોટો ગ્રાફર તરીકે ફોટા આપતો. એ વખતે લંકેશ ચક્રવર્તીના બદલે કંસ સાગર નામ લખાવતો.

આમ, ખરાબ નામનો આ બીજો જાતઅનુભવ લીધો. બાદમાં લંકેશ નામ યથાવત્ રાખ્યું. હજી આજેય આ લંકેશ સમાજના અમુક રીતરિવાજોમાં બદલાવ લાવવા પ્રવૃત્તિશીલ છે. (૩૦–૧૦–૨૩ ના 'ચિત્રલેખા'ના અંકમાંથી સાભાર)

## જાદવ પુછે છે :

### માણસ જ કેમ આપઘાત કરે છે ?

જવાબ : સૂર્યકાન્ત શાહ

સવાલમાં જે અભિપ્રેત છે કે એકલો માણસ જ આપઘાત કરે છે તેમાં પહેલા તો એ જણાવવાનું થાય કે પેન્ગવીન નામના પક્ષીઓ સામૂહિક આપઘાત કરતા દેખાયા છે. ખૂબ જ શાંતિથી હજારોની સંખ્યામાં તેઓ મરવાના છે તે જાણી–સમજીને દરિયામાં પડતું મૂકે છે. આ સિવાયના કોઈ જીવ આપઘાત કરતા હોય તો તે મારા જાણવામાં નથી.

'માણસ જ આપઘાત કરે છે' વિધાનમાં એજ અભિપ્રેત છે કે માણસ નામે આપઘાત કરે છે તેનો હકીકત સાથે મેળ ખાતો નથી. કૅન્સર જેવા જીવલેણ રોગથી સબડતો માણસ પણ જીવવા માટે ફાંફા મારતા હોય છે. માણસ માટે જ નહીં વનસ્પતિ સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે સામાન્ય નિવેદન કરી શકાય કે જીવ માત્રની જીજીવિષા ખૂબ તીવ્ર હોય છે. આથી જ તો માણસને ખૂનની ધમકી કંપાવી નાંખે છે. આ પરિપ્રેક્ષ્યમાં તપાસતા કહી શકાય કે અપવાદરૂપ કિસ્સામાં માણસો આપઘાત કરે છે.


અપવાદરૂપ કિસ્સામાં પણ માણસ શા માટે આપઘાત કરે છે ? તે તપાસીએ તો માલૂમ પડે છે કે મોટા ભાગના કિસ્સામાં ક્ષણિક તીવ્ર આવેશમાં સપડાતા માણસો આપઘાત કરે છે. એના મગજ પર કોઈ એક યા બીજો આવેશ હાવી થઈ જાય છે. માણસનું મગજ મોટું હોવાથી એની બુદ્ધિમતા, એની સંવેદનાઓ અને એની સ્મરણશકિત ખૂબ તીવ્ર બની જવાની સંભાવના ઘણી છે. મગજની અંદર આ ત્રણેને કાર્યરત બનાવતા કોષો અલગ છે. પરંતુ કોઈ એક બાબત પર જ મગજ એકાગ્ર બની જાય છે ત્યારે બીજા કોષો મંદ પડી જાય છે. આથી સંવેદનાના ભાગ સ્વરૂપ એના મગજ પર આવેશ હાવી થઈ જાય તો તેવા પ્રસંગે નથી બુદ્ધિ કામ કરતી કે નથી સ્મરણ શકિત. આમ દેખાયું છે એવું કે જે અપવાદરૂપ આપઘાતો થાય છે તેમાં મહદ્અંશે આવેશની તીવ્રતા જવાબદાર છે. મોટા મગજને કારણે આ શકય બને છે. માણસ જ 'વિચારી' શકે છે કે એ એના જીવનનો અકાળે અંત લાવી શકે છે. અન્ય પ્રાણીઓ પાસે એટલું વિચારી શકે એવું મગજ નથી. માણસ આ જાણે છે એટલે પ્રાણી જગતમાં એકાદ–બે અપવાદો સિવાય કેટલાક માણસો જ આપઘાત કરે છે. 'આપઘાત'ની સાથે 'ઈચ્છામૃત્યુ'ની સરખામણી થઈ શકે નહીં. તે પરત્વે જાદવ અને વાચકોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

# સજળ નયને

**–સૂર્યકાન્ત શાહ**

બાળક જેવા નિર્દોષ હરીશ નાયકે ૯૭ વર્ષની બાળવયે આપણી વચ્ચેથી વિદાય લીધી. બાળકો માટેનું એમનું સાહિત્ય આપણી વચ્ચે એમને જીવતા રાખશે. હરીશભાઈ સત્યશોધક સભા અને 'સત્યાન્વેષણ' સાથે અવરનવર સંબંધો તાજા કરતા હતા. એના જ ભાગ સ્વરૂપ એમના જ હસ્તાક્ષરમાં 'સત્યાન્વેષણ' ને એમનો પત્ર હમણાં જ મળ્યો. સજળ નયને એ પત્રને એના મૂળ સ્વરૂપમાં અત્રે રજૂ કરું છું.

**સંપાદક : યશવંત મહેતા**


૨ ઓક્ટોબર, ૨૦૨૩, ગાંધી જયંતી,
'સત્યાન્વેષણ'ના મિત્રો,
નમસ્કાર.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
શુભેચ્છક
[illegible]

સત્યશોધક સભા તરફથી એમને ઊંડા દિલની ભાવાંજલિ.....

હરીશભાઈ ! આ...વ...જો

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# આપણે કેવી રીતે આવ્યા ?

સૂર્યમાંથી પૃથ્વી ૪–૫ અબજ વર્ષ પૂર્વે છૂટી પડી. એના પર અવકાશી પથરાઓ, ઉલ્કા વગેરેનો જોરદાર હુમલા સતત થયા. બચી ગઈ ! આજથી ૩–૫ અબજ વર્ષ પૂર્વે એનું તાપમાન એટલું ઘટયું કે જેમાં વાયુઓનું ધમસાણ નહોતુ. આ દરમ્યાન પૃથ્વી પર પ્રચંડ પરિબળો કામ કરતા થયા. આખી પૃથ્વી પર કાર્બન ફેલાઈ ગયો. મોટી મોટી પ્લેટો ગરમી અને ગુરુત્વાકર્ષણને કારણે કોઈક વાર આમ ખેંચાઈ તો કેટલીકવાર તેમ ! એમાં બીજા ત્રણ અબજ વર્ષ નીકળી ગયા ! પચાસ કરોડ વર્ષ પૂર્વે પૃથ્વી પરના આ જડ પદાર્થોમાંથી જીવ પેદા થયો. શેવાળ જેવી વનસ્પતિએ સૌથી પહેલો ઓકિસજન છોડવા માંડેલો તેમાંથી ક્રમશઃ બેંતાળીસ કરોડ વર્ષ પૂર્વે છોડ પેદા થયા. સાથે સાથે મહાકાય ડીનોસર પણ પેદા થયા. આ બધું સમુસુતરુ ચાલતુ હતું, ‘તેમાં પૃથ્વીની સાથે એક મહાકાય ખડક છ કરોડને પચાસ લાખ વર્ષ પૂર્વે ઝીંકાયો. એણે બધું ખેદાનમેદાન કરી નાંખ્યું. મોટા ભાગની જીવ સૃષ્ટિ (ડીનોસર સહિત) ખતમ થઈ ગઈ. ત્યાર બાદ પૃથ્વી એટલી ઠંડી પડી ગઈ કે ‘બરફ યુગ’ આવ્યો. આ બધા મારકણાં પરિબળો વચ્ચે પણ આપણો ગોળો ધરી પર અને કક્ષામાં ફરતો રહ્યો. આપણી પૃથ્વીની સહનશકિતને સો–સો નહીં અબજો સલામ ! જે થોડી ઘણી પ્રજાતિ બચેલી એમાંથી સાંઠેક લાખ વર્ષ પૂર્વે સસ્તન પ્રાણીઓએ પૃથ્વી પર સ્થાન લીધું. ડાર્વિનના ઉત્ક્રાંતિના સિદ્ધાંતમાં જણાવ્યું છે તેમ એમાંથી પચાસ લાખ વર્ષ પૂર્વે માણસ તૈયાર થયો. અત્યારે જે છીએ તેવો માણસ તો માંડ ૧,૩૦,૦૦૦ વર્ષ પૂર્વે તૈયાર થયો. હજી ૭૦,૦૦૦ વર્ષ પૂર્વે જ એ ગુફામાં રહેતો અને નવરાશમાં ગુફાની ભીંત પર ચિત્રો દોરતો થયો ! ત્યારપછી શું થયું તે તો બધા જ ઓછું વત્તુ જાણે છે. આ ઈતિહાસમાંથી એ જાણવા મળે છે કે કોઈપણ માનવ–પ્રવૃત્તિ સીત્તેર હજાર વર્ષથી પુરાણી નથી. કેટલાંક ધર્મોવાળા પોતાનો ધર્મ અને તેની સાથે સંસ્કૃતિ જોડીને તે લાખો–કરોડો વર્ષ પુરાણી હોવાનો દાવો કરે છે.  તે ગપ્પાં ! એવી વાતોમાં ફસાઈ જવા જેવું નથી. અન્યથા પૌરાણિકતાના નામે આ લોકો આપણાં જ તન, મન, ધનનું શોષણ કર્યે જ રાખશે.

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ